# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-01-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી (સ્વામિત્વ યોજના)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા 10 રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં 50 હજારથી વધુ ગામડાંઓમાં સ્વામિત્વ યોજના હેઠળ 65 લાખથી વધુ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરશે.

આ યોજનાનો હેતુ ડ્રોન ટેકનોલોજી સર્વેક્ષણ દ્વારા ઘરોનાં અધિકારનો રેકોર્ડ પૂરો પાડીને ગ્રામીણ ભારતનાં આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે. આ યોજના જમીન વેચાણમાં પણ સુવિધા પૂરી પાડે છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં સંપત્તિ અંગેનાં વિવાદ ઘટાડે છે, બેન્ક લોન દ્વારા સંસ્થાકીય ધિરાણ સરળ બનાવે છે અને મિલકતોનું મૂલ્યાંકન અને મિલકત વેરા વસૂલાત પ્રકીયા વધુ સારી રીતે કરે છે.

અત્યાર સુધી ત્રણ લાખ 17 હજાર ગામડાંમાં ડ્રોન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે અને લક્ષ્યાંકિત વિસ્તારોમાંથી 92 ટકાને આવરી લેવામાં આવ્યા છે.

**આ સંદર્ભે જિલ્લાના 3 તાલુકાના 12 ગામના પ્રોપર્ટીકાર્ડ બની જતાં આજે બપોરે ભુજમાં સ્મૃતિવન ઓડિટોરીયમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઇ-વિતરણનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં કલેક્ટર, સાંસદ, ધારાસભ્યો વગેરે હાજર રહેશે.**

---------------------------------------------------------------------------------

## ગુજરાત પેવેલિયન

રાજ્ય સરકારે પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ગુજરાતના શ્રદ્ધાળુઓને તમામ સેવા-સુવિધા પૂરી પાડવા માટે 'ગુજરાત પેવિલિયન' બનાવ્યું છે. ૨૬ ફેબ્રુઆરી સુધી મહાકુંભમાં આવનારાં રાજ્યનાં શ્રદ્ધાળુઓને માર્ગદર્શન તથા મહાકુંભને લગતી તમામ માહિતી સરળતાથી મળી રહે તે હેતુસર ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૨૪ કલાક કાર્યરત હેલ્પ ડેસ્કની સેવા ઉપલબ્ધ કરવામાં આવી છે, જેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૮૦-૫૬૦૦ છે.

ઉપરાંત, રાજ્યની ગ્રામિણ મહિલાઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તે હેતુથી અહીં ૧૦ સ્ટોલ રાખવામાં આવ્યા છે. તેમજ રાજ્યના વૈવિધ્યસભર હસ્તકલાના ૧૫ જેટલા સ્ટોલ પણ બનાવવામાં આવ્યાં છે.

---------------------------------------------------------------------------------------

## મહાકુંભ – મૌની અમાસ

મૌની અમાસના દિવસે આઠ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ અને યાત્રાળુઓ ત્રિવેણી સંગમ ખાતે પવિત્ર સ્નાન કરશે. સરકારે 29મી જાન્યુઆરીએ પ્રયાગરાજમાં યોજાનારા મૌની અમાસના અમૃત સ્નાન માટે તૈયારીઓ પૂર્ણ કરી રહી છે.

મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહ અને DGP પ્રશાંત કુમારે ગઈકાલે મહાકુંભ વિસ્તારની મુલાકાત લીધી હતી અને ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે , ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

---------------------------------------------------------------------------------------

## કચ્છ વોટર પાઈપલાઈન

રાજ્ય સરકાર કચ્છ જિલ્લાના ટપ્પર ડેમથી દૂરના ગામડાના રિઝર્વોઇર સુધી પાઈપલાઈન નાખવાની યોજના અમલમાં મૂકશે. નાબાર્ડે આ માટે 2 હજાર 6 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી છે. આ યોજનાથી 127 ગામડાના લગભગ 2 લાખ લોકોને લાભ થશે. આ સાથે 1 લાખ 57 હજાર હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી મળશે.

ઉલ્લેખનીય છે કે વર્ષ 2023-24માં અમલમાં મૂકાયેલા પ્રથમ તબક્કામાં નાબાર્ડે 3 હજાર 235 કરોડ રૂપિયાની સહાય મંજૂર કરી હતી.

---------------------------------------------------------------------------------------

## ધોરણ ૧૦ – ૧૨ સારથી પોર્ટલ

ગુજરાત શિક્ષણ બોર્ડ દવારા ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આગામી ૨૭મી ફેબ્રુઆરીથી યોજાવાની છે. અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી દવારા વર્ષ ૨૦૨૨થી સારથી પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. જેના માટે ૯૯૦૯૯ ૨૨૬૪૮ હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. આ નંબર ૫ર વ્હોટસ અપ મેસેજ કરીને કોઈપણ વિદ્યાર્થિ વાલી અને અન્ય કોઈપણ વિદ્યાર્થી વાલી અને અન્ય કોઈ વ્યકિત શિક્ષણને લગતી માહિતી મેળવી શકે છે. તેમજ પરીક્ષાના ભયથી ભયભીત થયેલ વિદ્યાર્થિઓ આ સારથિ પોર્ટલ ૫ર મનોચિકિત્સકો સાથે પરામર્શ ની સુવિધા મેળવી શકે છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ રીજીયોનલ સેન્ટર : ઉર્જા પખવાડિયા ની ઉજવણી

ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી, જેડા દવારા તા. ૧૬ થી ૩૦ જાન્યુઆરી દરમ્યાન ઉર્જા પખવાડીયાની ઉજવણી ગુજકોસ્ટના સહયોગથી રીજનલ સેન્ટર, ભુજ ખાતે કરવામાં આવશે. તે સંદર્ભે ૨૮મી જાન્યુઆરીના સવારે ૧૦ થી ૧ દરમ્યાન વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. વિદ્યાર્થિઓએ સ્પર્ધામાં ભાગ લેવા માટે ૨૪મી જાન્યુઆરી સુધીમાં મોબાઈલ નંબર ૭૦૪૩૯ ૨૪૬૦૫ પર સંપર્ક કરવો.

---------------------------------------------------------------------------------------

## ભુજ હેડ ટપાલ ઓફીસ

ભુજ હેડ ઓફીસ સહિત જિલ્લાની ૫૯ ટપાલ કચેરીઓમાં અંગુઠો સ્કેન કરી બચત ખાતા ધરાવતા ખાતેદારો રૂપિયા જમા કરાવી શકશે અને ઉપાડી પણ શકશે.

---------------------------------------------------------------------------------------